**<u>સંજેલીના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટમાં મુ.સંજેલી</u>**

**<u>ક્રિ.કેસ.નં.૧૪૯/૨૦૨૬</u>**

**ફરીયાદી:- શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી:- દિનેશભાઈ કમજીભાઈ પટેલીયા,**
**રહે.જસુણી, પટેલ ફળીયુ, તા.સંજેલી, જી.દાહોદ.**

**<u>ગુનો - ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૮૫,૬૬(૧)બી મુજબ.</u>**

**<u>-:હુકમ:-</u>**

૧. આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ- ૮૫, તથા ૬૬(૧)બી મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે પરંતુ તેનો સમગ્રપણે અભભ્યાસ કરતાં આરોપી વિરુધ્ધ સદર કાયદાની કલમ-૮૫ માં નિર્દિષ્ટ કરેલ ત્તવો પ્રથમ દર્શનીય ફલિત જ ન થતાં હોય આંક-૧ હેઠળ હુકમ કર્યા મુજબ આ કામે માત્ર કલમ ૬૬(૧)બી મુજબ ની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવા હુકમ કરેલ છે.

૨. આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેલ છે જેની સદર ગુના અંગે પ્લી રેકર્ડ કરતાં તેણે ગુનો કબુલ કરેલ છે અને **આકં-<u>૦૬</u>** થી અદાલતમાં કબુલાત પુરસિસ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે તેઓ કુટુંબ -કબીલાવાળા અને ગરીબ વર્ગના છે અને આ પ્રથમ વખતનો ગુનો છે તઓને કોઈ જ ગુનાહિત ભુતકાળ નથી. તેઓ કાયદાને માન આપનાર અને જવાબદાર નાગરિક છે તેમજ ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ જ ગુના નહી કરવાની પુરેપુરી ખાતરી આપે છે અને તેઓથી અજાણયા થયેલ ગુના અંગે તેઓ પસ્તાવો વ્યકત કરી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૩. આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે આરોપીનો ગુનાહિત ભુતકાળ હોવા અંગે રેકર્ડ પર કોઈ મટિરિયલ ઉપલબ્ધ નથી .આરોપીને સારા નાગરિક બનવાની એક તક આપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમજ આરોપીની સામાજિક અને આર્થિક પરિસ્થિતી ધ્યાને લેતા અને હાથ પરના કેસમાં રહેલ તમામ સંજોગો ધ્યાને લઈને આરોપી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે એવું મારુ નમ્ર પણે માનવું છે પરિણામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવ છે.

**<u>-:હુકમ:-</u>**

આ કામના આરોપીની બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ-૬૬(૧)બી મુજબ** હેઠળના ગુના માટે કોર્ટ ઉઠતાં સુધીની સજા અને **રૂ.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા)** નો દંડ કરવામાં આવે છે જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૭ ની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૪મી માહે માર્ચ ૨૦૨૬ અને નેશનલ લોકઅદાલતનાં સ્પેશીટીંગમાં જાહેર કર્યો.**

સ્થળ-સંજેલી
તા.૧૪/૦૩/૨૦૨૬

(ડો. ટી.આર.ધોણીયા)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કોર્ડ નં.જી.જે.૦૧૫૬૧.